# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ચિત્ર સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩


વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી અંતર્ગત ટીઆરઓ, ગાંધીનગર ખાતે રવિવારે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન ગુજરાત ઈકોલોજી કમીશન, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તથા નિસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટરના સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ૫ થી ૧૦ વર્ષના વયજુથમાં પ્રથમ ક્રમે ક્રોમા એ. શાહ, દ્વિતિય ક્રમે ફેનીલ એન. જાદવ તથા તૃતિય ક્રમે હેલી એચ. પટેલ વિજેતા રહ્યા હતા. જ્યારે ૧૧ થી ૧૮ વર્ષના વયજૂથમાં પ્રથમક્રમે કૃતિ ડી. ભાવસાર, દ્વિતિય ક્રમે શંભવી એ. ઝા તથા તૃતીયક્રમે પ્રતિક એમ. પરમાર તથા ૧૮ વર્ષથી ઉપરના વયજુથમાં પ્રથમક્રમે મીતાંશુ કંસાર, દ્વિતિયક્રમે હીરેનકુમાર પરમાર અને તૃતીયક્રમે મેઘા એન. શેઠ વિજેતા રહ્યા હતા. વિજેતાઓને રોકડ ઈનામોથી નવાજવામાં આવ્યા હતા. આ ચિત્રસ્પર્ધાના નિર્ણાયકો તરીકે જાણીતા કલાકારો એસ. ડબલ્યુ ચીપલેનકર, હરીનભાઈ ભટ્ટ તથા સુરેશભાઈ પંડીત ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ગુડાના ચેરમેન અશોકભાઈ ભાવસાર, આઈએફએસ પ્રદિપ ખન્ના, ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર સી.આર. ખડસર, કાઉન્સિલર કાર્તિકભાઈ પટેલ, જીપીસીબીના આર.ઓ. સી.એ. શાહ, નીસર્ગ કોમ્યુનિટિ સાયન્સ સેન્ટરના અનીલભાઈ પટેલ, ડી.એસ. નર્વે તથા સજીતા ચાલ્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંકલન નરેશભાઈ ઠાકરે કર્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા થયેલા યુવા કલાકારો આગામી ૫મી જૂનના રોજ અમદાવાદ ખાતે યોજાનાર રાજ્યસ્તરની સ્પર્ધામાં ભાગ લેશે.

## સેન્ટ ઝેવિયર્સ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩

**માધ્યમિક શિક્ષણ બોર્ડના ગઈકાલે પ્રસિધ્ધ થયેલાં ધોરણ- ૧૦નાં પરિણામમાં સેન્ટ ઝેવિયર્સ શાળાની રિધ્ધી સંજય થોરાટે ગણિત- ૯૮ અને વિજ્ઞાન- ૧૦૦ માર્કર્સ મેળવી ઝળહળતી સફળતા સાથે શાળાનાં અંગ્રેજી મિડીયમમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત કરેલ છે.**



**મજાની વાત એ છે કે રિધ્ધીનાં મમ્મી ગાયત્રી થોરાટ સેન્ટ ઝેવિયર્સના કોમર્સ વિભાગનાં શિક્ષીકા છે. શાળાનાં પ્રિન્સીપાલ ફાધર હેકટરે શાળા પરિવાર વતી રિધ્ધીને ખાસ અભિનંદન પાઠવ્યા છે.**

**રિધ્ધી ગાંધીનગર સમાચારની 'હેલો ફ્રેન્ડસ' અને 'પહેલો સગો પાડોશી'ના કટાર લેખક સંજય થોરાટની દિકરી છે. ગાંધીનગર સમાચાર પરિવાર પણ એનાં ઉજ્જવળ પરિણામથી હર્ષની લાગણી અનુભવે છે. કલ્પતરૂ કંપનીમાં મેનેજર તરીકે કામ કરતાં સંજય થોરાટની દિકરી રિધ્ધીનાં પરિણામને શ્રી કમલ જૈન, શ્રી ડી.બી. પટેલ અને શ્રી બી.કે. સતીષે વધાવી ઉચ્ચ અભ્યાસમાં આવી જ સાતત્યતા જાળવી રાખે એવી શુભેચ્છા પાઠવી છે.**

## ગુજરાતમાં કોસ્ટલ ટુરિઝમ ડેવલપમેન્ટ પ્રોજેકટ માટે રૂ.૧,૨૦૦ કરોડની ખાસ ગ્રાન્ટ મંજૂર

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સરકારે તાજેતરના વર્ષોમાં રાજયમાં પ્રવાસન ઉદ્યોગને ઉત્તેજન આપવા માટે લીધેલા પગલાંઓને પુષ્ટિ આપતા અને તેની કદર કરતાં એક ઘટનાક્રમમાં ભારતના આયોજન પંચે રાજયમાં પ્રવાસન ઉદ્યોગ માટેનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવા માટે રૂ. ૧૨૦૦ કરોડની ખાસ ગ્રાન્ટ વધારાની આર્થિક સહાયતા તરીકે મંજૂરી કરી છે. આ ગ્રાન્ટ સુચિત હેતુ માટે મંજૂર કરવામાં આવેલા અંદાજિત ખર્ચ ઉપરાંત આપવામાં આવશે.

શુક્રવારે દિલ્હી ખાતે યોજાયેલી રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી તથા આયોજન પંચના ઉપાધ્યક્ષશ્રી મોનટેકસિંહ આહલુવાલિયા વચ્ચેની ઉચ્ચ સ્તરીય બેઠક દરમિયાન આ ખાસ ગ્રાન્ટને મંજૂરી આપવામાં આવી હતી. આ ગ્રાન્ટના કારણે રાજયમાં તાજેતરમાં પ્રવાસીઓની સંખ્યામાં જે વધારો થઈ રહ્યો છે તે અનુસાર પ્રવાસન ઉદ્યોગ માટેનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરવાની પ્રક્રિયાને મોટું ઈજન પ્રાપ્ત થશે.

ગુજરાત સરકારે રાજયમાં એક કોસ્ટલ ટુરિઝમ પ્રોજેકટના અમલીકરણ માટે એક દરખાસ્ત મુકી હતી અને આ પ્રોજેકટના લાભદાયક પાસાંઓને ગણતરીમાં લીધા બાદ આયોજન પંચ દ્વારા રૂ.૧,૨૦૦ કરોડની આ ખાસ ગ્રાન્ટને મંજૂરી આપવામાં આવી હતી. કેન્દ્ર સરકાર દ્વારા આ ગ્રાન્ટની રકમ પાંચ વર્ષના સમયગાળામાં રાજય સરકારને આપવામાં આવશે અને તેમાંથી રૂ. ૩૦૬ કરોડની રકમની ચુકવણી તો ચાલુ વર્ષ દરમિયાન જ કરી દેવામાં આવશે. ચાલુ વર્ષે કરવામાં આવનારી આ ચુકવણીમાં એક જ વર્ષમાં ચુકવવાની થતી તાત્કાલિક ગ્રાન્ટની રૂ. ૭૦ કરોડની રકમનો સમાવેશ પણ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના પ્રવાસન વિભાગ દ્વારા રાજયના અત્યંત આકર્ષક વિશ્વ કક્ષાના પ્રર્યટન સ્થળોના વ્યાપક પ્રચાર માટે બહુપાંખિયો વ્યુહ અપનાવવામાં આવ્યો હતો. આ હેતુ માટે બોલિવુડના બીગ બી અમિતાભ બચ્ચનને ચમકાવતી ખુશ્બુ ગુજરાત કી-નામની જાહેરાતને ઈલેક્ટ્રોનિક માધ્યમો પર દર્શાવવા ઉપરાંત મુંબઈ તથા કોલકાતા જેવા દેશના મોટા શહેરોમાં પ્રવાસન વિભાગ દ્વારા રોડ શોનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાપુતારા મોનસુન ફેસ્ટિવલ, રણોત્સવ, કાઈટ ફેસ્ટિવલ વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન પણ કરાયું હતું. આના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૧-૧૨માં રાજયમાં આવેલા પ્રવાસીની સંખ્યા પાછલા વર્ષના ૧.૯૮ કરોડના સ્તરેથી ૨૫ લાખ વધીને ૨.૨૩ કરોડે પહોંચી હતી. આવી જ રીતે વર્ષ ૨૦૧૦-૧૧માં પણ પ્રવાસીઓની સંખ્યા પાછલા વર્ષના ૧.૭૦ કરોડના સ્તરેથી ૨૮ લાખ વધીને ૧.૯૮ કરોડ થઈ હતી. આમ ખુશ્બુ ગુજરાત કી-જાહેરાતનું પ્રદર્શન શરું થયું તે પછીના બે વર્ષોમાં ગુજરાતમાં આવતા પ્રવાસીઓની કુલ સંખ્યામાં ૫૪ લાખનો વધારો થયો હતો.

## પર્યાવરણ અને આર. ટી.આઈ વિષયક ચર્ચા- પ્રશ્નોતરીનું જીવંત પ્રસારણ

ગાંધીનગર, તા. ૩

**વિશ્વ પર્યાવરણ દિનની પૂર્વ સંધ્યાએ જાણવાનો હક્ક કાર્યક્રમ અંતર્ગત પર્યાવરણ અને આર.ટી.આઈ વિષયક ચર્ચા અને પ્રશ્નોતરીનું જીવંત પ્રસારણ દુરદર્શન ડીડી ગિરનાર ચેનલ મારફતે તા. ૪ જૂનના રાત્રિના ૮ થી ૯ કલાક દરમ્યાન થશે.**

**ચર્ચા કાર્યક્રમમાં વિશેષજ્ઞ તરીકે જી.પી. સી. બી. ના અધ્યક્ષ ડૉ. કે.યુ. મિસ્ત્રી તેમજ પર્યાવરણ મિત્ર સંસ્થાના પર્યાવરણ ઈજનેર મહેશભાઈ પંડયા સંચાલન કરશે. આ જીવંત પ્રસારણ દરમ્યાન ઓનલાઈન સંપર્ક નંબરની વિગતો ટી.વી. પર દર્શાવશે. જેના મારફતે રસ ધરાવતા પ્રશ્નો પૂછીને તુર્ત ઉત્તર મેળવી શકશે. જેનો લાભ લેવા જણાવવામાં આવેલ છે.**

# અમર સેવાયજ્ઞની અનોખી મિસાલ : મિલિન્દ ગુપ્તે

પાટનગર હતું, સચિવાલય હતું, વહીવટ હતો, સરકાર હતી, કચેરીઓ હતી, કર્મચારીઓ પણ હતા, ઘણું બધું હતું આ શહેરમાં, નહોતો કેવળ પ્રાણ! નિર્જીવ લાશની જેમ આડી-ઊભી સાત સડકો વચ્ચે ચત્તુંપાટ પડેલું આ શહેર દિવસમાં માત્ર બે વાર ધબકી જતું, કચેરી શરૂ થવાના સમયે અને કચેરી છૂટવાના સમયે ! આ જીવતી લાશને બેઠી કરવાનો માત્ર એક જ ઉપાય હતો! કલા, સંસ્કૃતિ અને સાહિત્યની સંજીવની! ઉપચાર કામયાબ નીવડ્યો. તદ્દન શુષ્ક અને કર્મચારીનગરની છાપ ધીરેધીરે ભૂંસાવા લાગી. હવે આ નગર કર્મચારીનગરને બદલે સાંસ્કૃતિકનગર તરીકે ઓળખાય છે ! શહેરની બદલાયેલી ઓળખના આ ઈતિહાસથી તો આપણે સૌ વાકેફ છીએ. પરંતુ આ શહેર તેની એક અન્ય વિશેષતાને કારણે પણ પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂક્યું છે અને આ વિશેષતા છે શહેરની સેવાપ્રવૃત્તિઓ! નિસ્વાર્થ સેવાનો ભેખ લઈને નીકળેલા અગણિત મસીહાઓને કારણે આ શહેર હવે સાવ સૂક્કી લાગણીના શહેરને બદલે ભીની ભીની સંવેદનાના શહેર તરીકે પણ ઓળખાતું થયું છે ! સેવાક્ષેત્રે ગાંધીનગરનું નામ રોશન કરનારા આવા અનેક મસીહા પૈકી એક મસીહાની આજે મારે વાત કરવી છે.

નામ એનું મિલિન્દ ગુપ્તે. અટક ગુપ્તે છે અને સેવાકાર્યો પણ એ ગુપ્ત રીતે જ કરે છે. એક હાથે કરેલા કાર્યની બીજા હાથને ખબર પડવા દેતા નથી. સેવાને પોતાની આગવી સુગંધ હોય છે. મિલિન્દ ગુપ્તે સુગંધનો દરિયો છે ! સરળ માણસ છે. મિતભાષી છે, ઓછું બોલે છે પણ બોલે છે તેટલું કરી બતાવે છે. સાજા સમાજસેવકના આ લક્ષણો છે. ભગવાન શ્રીરામ, શિવાજી મહારાજ અને સ્વામી વિવેકાનંદ ગુપ્તેજીના આદર્શ પાત્રો છે. સૅકટર-૨૧ની બૅન્ક ઑફ બરોડામાં મેં તેમને કેશિયર તરીકે ૧૯૮૪માં પહેલવહેલા જોયા. સારા માણસો કદી અછતા રહેતા નથી. આંખોમાં સચ્ચાઈ અને જિગરમાં સમાજ માટે કશું કરી છૂટવાની તમન્ના ગુપ્તેને જનસામાન્યથી અલગ પાડી રહ્યા હતા. પચ્ચીસેક વર્ષના આ પીઢ ! યુવાનનો પરગજુ સ્વભાવ મને પ્રથમ દૃષ્ટિએ જ પ્રભાવિત કરી ગયો.

એક વાર તેમને આરએસએસના વકીલ સાહેબનું અત્યંત પ્રભાવક બૌધ્ધિક પ્રવચન સાંભળવાનો લહાવો મળ્યો. સેવા દ્વારા જીવન પરિવર્તન શક્ય છે તેવો અહેસાસ થયો. માત્ર આવેશ નહીં પણ સ્પષ્ટ સમજણ સાથે ૧૯૮૫થી તેઓ આરએસએસમાં સક્રિય રીતે જોડાયા. ૧૯૮૭થી તેમને ગાંધીનગર શહેરની જવાબદારી મળી. વિવિધ સેવાકાર્યોમાં ઓતપ્રોત રહેતા મિલિન્દ ગુપ્તેને ૧૯૯૧માં જોઈતું પ્લેટફોર્મ મળી ગયું. દેશભક્તિ માટે સંઘની બે મુખ્ય વિચારધારા. એક સમાજનો શારીરિક વિકાસ અને બીજો બૌધ્ધિક વિકાસ. ૧૯૯૧માં રાષ્ટ્રીય સ્તરે સંઘમાં સેવાસમિતિ વિભાગ શરૂ થયો પણ બૅન્કની નોકરી સાથે સમાજસેવાનો બહુ મેળ ન બેઠો. બેમાંથી એક પસંદ કરવાનું આવ્યું. સમાજસેવાના ક્ષેત્રે મુક્ત ગગનના આઝાદ પંખી હતા.

સને ૧૯૯૧થી ૧૯૯૮ દરમિયાન તેઓ સાણંદ, ધંધૂકા, ધોળકા, દહેગામ, વિરમગામ, દસક્રોઈ, બારેજા અને ગાંધીનગર એમ આઠ તાલુકાઓના ઈન્ચાર્જ રહ્યા. સંઘમાં કામ કરવાનો આ પ્રદીર્ઘ અનુભવ તેમને જીવનનું સાચું ભાથું પૂરું પાડતો રહ્યો. પીડિત, શોષિત અને વંચિત સમાજની વેદના વાંચવાના ચશ્મા તેમને બરાબર ફાવી ગયા. અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં અને ઝૂંપડવાસીઓમાં કુપોષણ, પ્રાથમિક શિક્ષણનો અભાવ, સ્વાસ્થ્ય સેવાની ઉણપ વગેરે બાબતો તેમને અધિક સ્પષ્ટતાથી દેખાતી થઈ. આવા દરિદ્રનારાયણની સેવામાં શેષજીવન સમર્પિત કરી દેવાની તેમની તત્પરતાનું સરનામું એટલે શ્રી ગજાનન સેવા સમિતિ ! આ સેવાસંસ્થાના કામથી ગાંધીનગરમાં ભાગ્યે જ કોઈ અજાણ હશે ! ગજાનન આમ તો

**આગવો માણસ - આપણો માણસ**

gsrelation@yahoo.com

**- કિશોર જીકાદરા**

મિલિન્દભાઈના દાદાનું નામ. એમ ગણો તો એમ અને ભગવાનનું નામ ગણો તો એમ ! પણ અત્યંત ધાર્મિક ભાવનાથી શરૂ થયેલી આ સેવા સમિતિની આજ સુધીની સફળ યાત્રાને મિલિન્દભાઈ ગણપતિની કૃપા જ સમજે છે.

એક તબક્કે પોતાના ભાગ્યમાં સંતાનસુખ નથી જ એવી ખાતરી થઈ. કુદરતનો આ ન્યાય ગુપ્તે દંપતિએ હસતાં મુખે સ્વીકારી લીધો. અભિશાપને વરદાન માની લીધું. જીવનને વળાંક આપી દીધો. આ પૃથ્વી પરના બધાં બાળકો જાણે તેમના જ બાળકો છે તેમ માનીને આગળ ચાલ્યાં. શોષિત, પીડિત અને વંચિત બાળકોની સેવા એ એમનો જીવનમંત્ર બની રહ્યો. પરિણામ આપણા સૌની આંખ સામે છે ! બાળકો માટે નિદાન અને ચિકિત્સા શિબિરો, વિદ્યાર્થીઓના આરોગ્યની ચકાસણી, બાળકોને ઔષદ વિતરણ, સુવર્ણપ્રાશન, વિટામીન-એના ટીપાં, બિસ્કીટ વિતરણ, પૌષ્ટિક નાસ્તો, દફતર અને વૉટરબેગનું વિતરણ, સાબુ અને અન્ય સામગ્રીનું વિતરણ, બાળાઓને ગણવેશ, ધાબળાઓ અને બિછાનાઓનું વિતરણ, ચાર્ટ, ફોટો અને લોકેટ્સનું વિતરણ, ધાર્મિક પુસ્તકોનું વિતરણ, ગણવેશ, ગણવેશ, સ્વેટર અને નવા કપડાં તથા હાથરૂમાલનું વિતરણ, પાટી, બોલપેન, દેશીહિસાબ અને પુસ્તકોનું વિતરણ, સ્લીપર્સ અને બૂટનું વિતરણ, રબ્બર, પેન્સિલ, કમ્પાસ અને શાર્પનર્સનું વિતરણ, ફૂલસ્કેપ સાઈઝ અને નાની નોટોનું વિતરણ તેઓ શ્રી ગજાનન સેવા સમિતિના નેજા નીચે કરી રહ્યા છે.

તેમની સેવાવસ્તીનો બહુધા આદિવાસી વિસ્તારો, અંતરિયાળ વિસ્તારો અને ઝૂંપડપટ્ટી રહ્યા છે. આ ઉપરાંત ગાંધીનગર અને આજુબાજુના ગામડાઓમાં આવેલ સેવાવસ્તીમાં બાળકોના જન્મની નોંધણી, પ્રાથમિક શાળામાં બાળકોને દાખલ કરાવવાં, સ્કૂલ, કૉલેજની ફી, ટ્યુશન ફી અને પ્રવાસ ફી અને ઉચ્ચ શિક્ષણ માટે આવશ્યક માર્ગદર્શનની જવાબદારી પણ તેમની સંસ્થા પૂરી પાડે છે. વાર-તહેવારે કે પ્રસંગોપાત કેળવ નમૂના પૂરતી સેવા કરીને જંપી જાય તેવા આપણા મિલિન્દભાઈ નથી. તેઓ સેવાવસ્તીના સભ્યોની નિયમિત મુલાકાતો લે છે, તેમને વ્યાવસાયિક માર્ગદર્શન અને સહાયતા પૂરી પાડે છે, ગ્રામીણ જનમાનસમાં ઘર કરી ગયેલી અંધશ્રધ્ધાને જડમૂળથી દૂર કરવા માટે જનજાગૃતિના કાર્યક્રમો યોજે છે, સાક્ષરતા અભિયાનો, સેવાવસ્તીના બાળકો સાથે ધાર્મિક તહેવારોની ઉજવણી, જન્મદિવસની ધાર્મિક રીતે ઉજવણી, ધાર્મિક સંસ્કારોના સિંચન અર્થે શાળાએ જતાં બાળકોને ભગવાનના ફોટાઓ, માદળિયાં, મંદિરોમાં ધ્વજારોહણ, દીપમાળા, ભગવતગીતાની ચોપડીઓની ભેટ, સંતપુરુષો અને મહાપુરુષોના ફોટાઓ, મહાપુરુષોના જીવનચરિત્રો ઉપરાંત બૌધ્ધિક પુસ્તકોની લાયબ્રેરીઓ ચલાવવી, સેવાવસ્તીના બાળકોનો સાયકલ પ્રવાસ, શાહસ-શૌર્યની પ્રવૃત્તિઓ, પ્રકૃતિ શિક્ષણ શિબિરો, પ્રશ્નમંચ, કોયડા ઉકેલ સ્પર્ધા, શૌર્યગીતો અને દેશભક્તિના ગીતોની સ્પર્ધાઓ, બૌધ્ધિક રમતો, વૈજ્ઞાનિક સાધનો અને પ્રયોગોની સમજ, યોગાસનના વર્ગો, પ્રકૃતિ પ્રત્યે પ્રેમભાવના જગાડવા માટે વૃક્ષારોપણ, પાણી પિવડાવવાની પ્રવૃત્તિ, પક્ષીઓને ચણ નાંખવું, પક્ષી પરબો મૂકવી, ધાર્મિક સ્થળોનો પ્રવાસ, સેવાકીય ભાવનાને ઉજાગર કરતાં સેવાસૂત્રો, વાર્તાઓ અને ગીતો શીખવાડવાં, ગવડાવવાં, અને સાથોસાથ બાળકોને નિયમિત રીતે ફળ, બિસ્કીટ, ચીકી, મમરા, ચણા, ગોળ, શીંગ, સુખડી જેવા પૌષ્ટિક અને વૈવિધ્યતાસભર નાસ્તાની દરકાર પણ મિલિન્દભાઈ રાખે છે.

તેઓ તેમની સંસ્થા અને તેમના સાથીદારો દ્વારા સેવાવસ્તીના આદિવાસી લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે કુંવરબાઈનું મામેરું, વિધવા સહાય અને વૃધ્ધ નિરાધાર પેન્શન યોજનાનો લાભ વધુમાં વધુ મળે તે માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે. રકતદાન શિબિરો અને બ્લડગૃપ ચેકીંગના કેમ્પના આયોજનો તથા અતિવૃષ્ટિ, પૂર, દુષ્કાળ, ભૂકંપ જેવી કુદરતી હોનારતો વખતે સેવાનો પ્રવાહ અવિરત રાખવા બદલ તેમને અને તેમની સંસ્થાને ભારત સેવાશ્રમ, ભારતીય સેવા સમાજ, યુનિસેફ, રેડક્રોસ, રોટરી ક્લબ, ગાંધીનગર જેસીઝ જેવી વિવિધ સંસ્થાઓ તરફથી અનેકવાર અભિનંદન અને ઍવોર્ડ્સ આપવામાં આવ્યાં છે. મિલિન્દભાઈ પોતે સેવાના લક્ષ્યાંકો નક્કી કરે છે. દર વર્ષે ૨૫૦ શાળાઓ અને ૩૦૦૦ વિદ્યાર્થીઓ તેમનો લક્ષ્યાંક છે અને તે સો ટકા સિધ્ધ ન થાય ત્યાં સુધી શાંતિનો શ્વાસ લેતા નથી.

પ્રામાણિક વ્યાપારીને ઉધાર માલ સામે ત્રણ મહિનાની ક્રેડિટ મળે છે, સધ્ધર ખાતેદારને બેન્ક પણ ઓવરડ્રાફટની સુવિધા આપે છે. પણ આપણા મિલિન્દભાઈની શાખ જ અદ્‌ભૂત છે ! નહીં ઉધાર, નહીં ઓવરડ્રાફટ ! સહાય પ્રાપ્ત કરવા તેમણે ક્યારેય જાહેર અપીલ કરવી પડતી નથી. વગર માંગ્યે તેમને અનાજ, દવાઓ, વિવિધ ચીજવસ્તુઓ, ખાદ્યસામગ્રી, વસ્ત્રો ઈત્યાદિ મળ્યા જ કરે છે ! સેવાનો યજ્ઞ આ રીતે ચાલતો રહ્યો છે અને ચાલતો રહેશે ! ગાંધીનગરની વિવિધ સેવાસંસ્થાઓના સહકારથી તેમની સેવાપ્રવૃત્તિને સતત વેગ મળતો રહ્યો છે તે વાતના સ્વીકાર સાથે મિલિન્દભાઈ કહે છે, ગાંધીનગરની જનતા અને સેવાસંસ્થાઓ જ મારી સાચી તાકાત છે !

પરિવારના સાથ સહકાર વગર આવા ભગીરથ કાર્યો શક્ય નથી. ધર્મપત્ની શ્રીમતી શ્રુતિબહેન ગુપ્તે હંમેશા પોતાનતા પતિના નકશ-એ-કદમ પર ચાલે છે. અને તેમની સાથે ખભેખભા મિલાવીને અર્ધાંગીની શબ્દને સાર્થક કરી રહ્યાં છે. તેમની પ્રતિભા માટે પણ એક અલાયદો લેખ લખી શકાય તેમત છે. ગુપ્તે દંપતિ આવનારી પેઢીના પ્રેરણાસ્ત્રોત છે. સમાજસેવા માટે કશેથી મદદ મળે તો ઠીક અને ન મળે તો ગાંઠના પૈસે પણ આ સેવાયજ્ઞ પ્રજ્વલિત રાખવાનું પાગલપન તેમને આગામી દિવસોમાં જીવતા-જાગતાં સંતની ઓળખ ન અપાવે તો જ નવાઈ !!!

વિચારકણિકા : ઉનકે દુશ્મન બહુત હૈ, લગતા હૈ આદમી અચ્છા હોગા !... નિદા ફાઝલી



## પ્રસંગસર

# મોકો કહાં ઢૂંઢે રે બંદે મૈં તો તેરે પાસ મેં

સાદગી, પુરુષાર્થ, ગરીબી, ખુમારી, નમ્રતા, સ્પષ્ટવક્તા, નીડરતા, સંતોષ - આ બધાનો સરવાળો કરો; અંધશ્રદ્ધા, અજ્ઞાન, વહેમ, દંભ, અભિમાન, બુરાઈ - આ બધાની બાદબાકી કરો; અસંતોષ, આળસ, ક્રોધ, કામવાસના, ભય - આ બધાના ભાગાકાર કરો અને દયા, પરોપકાર, દાન, બંદગી, ચારિત્ર્ય, પ્રેમ, ગુરુભક્તિના ગુણાકાર કરો, પછી જેનો પ્રાદુર્ભાવ થાય છે એ શબ્દોના સ્વામી, ભક્તિના ભગત, જિંદગીના જાદુગર, કલ્યાણકારી કવિ કબીર છે.


તા. ૪ જૂન, ૨૦૧૨, જેઠ સુદ પૂનમના રોજ કબીર જયંતિ છે. કબીરના જન્મની અને જન્મ સમય અંગે અલગ અલગ દંતકથાઓ છે. એક કથા મુજબ વિધવા બ્રાહ્મણીના તેઓ સંતાન હતા, એક કથા મુજબ લહરતારા તળાવના કમળદળ ઉપરથી નીરૂ અને નીમાને મળી આવ્યા હતા, જે વણકર હતા. એક દંતકથા મુજબ આકાશમાંથી જ્યોતિ સ્વરૂપે તેમનું અવતરણ થયું હતું. જન્મ સમય માટે આ દોહો સાક્ષી આપે છે,

ચૌદહસો પચપન સાલ ગયે, ચંદ્રવાર એક ઠાઠ ઠયે;
જેઠ સુદી વરસાઈતકો, પૂરનમાસી પ્રગટ ભયે.

જન્મસ્થળ અને જન્મસમય અંગે ભલે અલગ અલગ દંતકથા કે મંતવ્ય હોય પણ કબીર મહાન સંત હતા એનો સ્વીકાર બધા કરે છે જે અંગે કોઈ મતભેદ નથી. આજે ૬૧૩ વર્ષ પછી પણ તેમની ગૂઢ વાણી ધૂરંધર ચિંતકો પણ સમજી શક્યા નથી. પીએચડી થવા પડાપડી થઈ રહી છે એ તેમની વાણીનો ચમત્કાર છે. કબીર કાપડ વણી, વેચી પોતાનું ગુજરાન કરતા હતા. પરમાર્થ એમની પ્રાથમિકતા હતી. સાચા અર્થમાં તેઓ સાધુ હતા. સાધુની તેમની વ્યાખ્યા જુઓ,

સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહીં;
ધનકા ભૂખા જો ફિરે, સો તો સાધુ નાહીં

એક મત મુજબ તેમની પત્ની લોઈ હતી અને સંતાનોમાં એક પુત્ર કમાલ અને પુત્રી કમાલી હતાં તો એક મતાનુસાર તેઓ અપરિણીત હતા. સ્વામી રામાનંદ તેમના ગુરુ હતા. રામનામની દીક્ષા લીધેલી. તેમણે આખા હિન્દુસ્તાનની યાત્રા કરી અને કાશીમાં મગહરમાં સ્થિર થયા. ગુજરાતમાં



ભરૂચ પાસે નર્મદા કિનારે શુક્લતીર્થમાં આવેલો 'કબીરવડ' આજે પણ સમગ્ર વિશ્વની નવમી અજાયબી ગણાય છે. કબીર ૧૨૦ વર્ષ જીવ્યા. મૃત્યુ પછી પણ વિવાદ થયો. હિન્દુઓ અગ્નિદાહ અને મુસલમાન દફન કરવા માગતા હતા પણ પાર્થિવ દેહ જોયો તો ત્યાં ફૂલોનો ઢગલો જ હતો. હિન્દુ-મુસ્લિમને અંધશ્રદ્ધા માટે તેઓ રોકડું પરખાવતા. મૂર્તિપૂજા વિશે કહેતા,

*પથ્થર પૂજે હરિ મિલે, તો મૈં પૂજું પહાડ;*
*ઈસસે તો ચક્કી ભલી, પીસ ખાય સંસાર.*

રોજા-ઉપવાસ માટે કહેતા,

*દિન ભર રોજા રહત હૈ, રાત હનત હૈ ગાય,*
*યે તો ખૂન હૈ યા બંદગી, કૈસે ખુશી ખુદાય ?*

કબીર સાહિત્યમાં કવિતાઓ, ભજન, પદ, સાખી, દોહાનો સમાવેશ થાય છે જે કબીર ગ્રંથાવલી, કબીરવાણી અને કબીર-બીજકમાં સંગ્રહિત છે. આત્મજ્ઞાન, નિર્ગુણભક્તિ, સમવેદના, સમાનતા પર તેઓ ભાર મૂકતા. કબીરનો એક દોહો એક એક પુસ્તક છે. દાત,

*એક રામ દશરથકા બેટા, એક રામ ઘટઘટમેં લેટા;*
*એક રામ હૈ જગત પ્રસારા, એક રામ હૈ સબસે ન્યારા*

અત્યારે પણ તેમની ઉત્કૃષ્ટ વિચારધારાને લઈને કબીરપંથ પ્રવર્તમાન છે. તેમના સમકાલીન અને પછીથી થઈ ગયેલા સંતો જેવા કે રવિદાસ, ગરીબદાસ, મીરાં, નરસિંહ મહેતા, અખો, તુકારામ, શીખ સંપ્રદાયના આદિકોથ વગેરેમાં કબીરવાણીની પ્રત્યક્ષ અને પરોક્ષ અસર જોવા મળે છે.

'કબીર'નો અર્થ મહાન, મોટું, કવિ થાય છે. એ અર્થમાં પણ કબીર મહાન સંત હતા અને મહાન કવિ પણ હતા અને આજે પણ શબ્દદેહે હયાત છે. નામ પ્રમાણે ગુણ અને ગુણ પ્રમાણે નામ બહુ ઓછામાં જોવા મળે છે પણ કબીરે નામ સાર્થક કરી બતાવ્યું છે. ભગવાનના અસ્તિત્વ વિશે કબીર કહે છે,

*મોકો કહાં ઢૂંઢે રે બંદે, મૈં તો તેરે પાસ મેં;*
*ના તીરથ મેં, ના મૂરત મેં, ના એકાંત નિવાસ મેં.*
*ખોજી હોય તુરત મિલિ જાઉં એક પલ કી તલાશ મેં,*
*કહહિં કબીર સુનો ભાઈ સાધુ, મૈં તો હું વિશ્વાસ મેં.*

વિશ્વાસ જ જગતનો શ્વાસ છે. આ પદમાં ભગવદ્‌ગીતા આખીનો સાર આવી જાય છે. શ્રીકૃષ્ણ પણ કહે છે, 'સર્વ ધર્માન પરિત્યાજ્ય મામેકં શરણં વ્રજ.' કબીરની વાત માનીએ, બધામાં વિશ્વાસ રાખીએ.

અને છેલ્લે કબીરના અમર દોહા માણીએ,

*કબીરા કૂવા એક હૈ, પનિહારી અનેક,*
*બરતન સબ ન્યારે ભયે, પાની સબ મેં એક*

★ ★ ★ ★ ★ ★ ★

*કબીરા કબીરા કયા કરો, જાઓ જમના કે તીર,*
*એક રાધા કે પ્રેમમેં, બહ ગયે લાખ કબીર*

★ ★ ★ ★ ★ ★ ★

*દયા, ગરીબી, બંદગી, મમતા, શીલ, સ્વભાવ,*
*ઈતને લક્ષણ સાધુ કે, કહે કબીર સદ્‌ભાવ*

★ ★ ★ ★ ★ ★ ★

*દુખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોય,*
*જો સુખ મેં સુમિરન કરે, દુખ કાહે કો હોય !*

★ ★ ★ ★ ★ ★ ★

*કબીર યે સંસાર મેં, પાંચ રત્ન હૈ સાર;*
*સાધુમિલન ઔર હરિભજન, દયા, દીન, ઉપકાર*

★ ★ ★ ★ ★ ★ ★

*સહજ મિલે દૂધ સમ, માંગે મિલે સો પાની,*
*કહહિ કબીર વો રક્તસમ, જામેં ખીંચાતાની*

★ ★ ★ ★ ★ ★ ★

*ધન ગયા તો કછુ ગયા, સ્વારથ ગયે કછુ ઓર,*
*ચરિત્ર ગયા તો સબ ગયા, તા કો મિલે ન છોર.*

\- પી ઍમ પરમાર 'દર્શન'